## (1) લિવિંગ પ્લેનેટ રિપોર્ટ-2020ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) આ રિપોર્ટ એ વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

(2) રિપોર્ટ મુજબ, વર્ષ 1970થી વર્ષ 2016 વચ્ચે વર્ટેબ્રલ પ્રજાતિઓની વસતીમાં સરેરાશ 68%નો ઘટાડો થયો છે.

(3) મીઠા પાણીની પ્રજાતિઓમાં વર્ષ 1970 પછી સરેરાશ 10%નો ઘટાડો નોંધવામાં આવ્યો છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર દ્વારા વર્ષ 2020 માટે "લિવિંગ પ્લેનેટ રિપોર્ટ" જાહેર કરવામાં આવ્યો હતો.

⇛ રિપોર્ટ અનુસાર કશેરૂક (Vertebrate) પ્રજાતિની વસતીમાં મોટા પ્રમાણમાં ઘટાડોનોંધવામાં આવ્યો છે.

⇛ કશેરૂક એવા જીવ–જંતુઓ હોય છે જેમનામાં બેકબોન્સ કે કરોડરજ્જુ હોય છે.

⇛ રિપોર્ટ મુજબ વર્ષ 1970થી 2016 વચ્ચે વૈશ્વિક કશેરૂક પ્રજાતિઓની વસતીમાં સરેરાશ 68%નો ઘટાડો નોંધવામાં આવ્યો છે. એશિયા–પ્રશાંત ક્ષેત્રમાં આ ઘટાડો 45% છે.

⇛ મીઠા પાણીની પ્રજાતિમાં વર્ષ 1970 પછી સરેરાશ 84%નો ઘટાડો નોંધવામાં આવ્યો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) ઈમ્પૈકટ, 2020ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) આ સંમેલનનું આયોજન એ “મેડિકલ જર્નલ આર્મ્ડ ફોર્સિસ ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યું છે.

(2) આ સંમેલનમાં ચિકિત્સા લેખન પર વર્કશોપ, સમીક્ષા, સંશોધનમાં નૈતિકતા વગેરે પર સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.

(3) આ સંમેલનની ટેગ લાઈન “મેક યોર રિસર્ચ કાઉન્ટ” રાખવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ 16-18 સપ્ટેમ્બર, 2020 દરમિયાન વર્ચ્યુઅલ રીતે આયોજન થનારા આ સંમેલન “ઈમ્પૈકટ 2020”ની યજમાની “સશસ્ત્ર સેના મેડિકલ કોલેજ” દ્વારા કરવામાં આવી હતી.

⇛ આ સંમેલનમાં લેખકો, સમીક્ષકો અને સંપાદકો શામેલ થશે. જે ચિકિત્સા પ્રકાશનમાં વર્તમાન મુદ્દાઓ પર ઈન્ટરેકિટવ સત્રોનું આયોજન કરશે.

⇛ આ સંમેલનનું આયોજન “મેડિકલ જર્નલ આર્મ્ડ ફોર્સિસ ઓફ ઈન્ડિયા” કરવામાં આવ્યું હતું.

⇛ આ સંમેલનની ટેગલાઈન “મેક યોર રિસર્ચ કાઉન્ટ” રાખવામાં આવી હતી.

⇛ આ સંમેલન દુનિયાભરમાં પોતાની શોધને પ્રભાવી રૂપથી દર્શાવવા અને ચિકિત્સા પદ્ધતિ અને નીતિઓને બદલવા હેતુ વૈજ્ઞાનિક આધાર પ્રદાન કરવા ચિકિત્સા ક્ષેત્રમાં વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન કરવા પર કેન્દ્રિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(3) માનવ મૂડી સૂચકાંકના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) આ સૂચકાંક એ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

(2) વર્ષ 2020ના આ સૂચકાંકમાં ભારતનું સ્થાન 116મું રહયું હતું.

(3) આ સૂચકાંક અંતર્ગત ઉત્તરજીવિતા, સ્કૂલ અને સ્વાસ્થ્યના સ્તંભોને ધ્યાનમાં લેવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇒ જવાબ :- B

સમજૂતી :

⇒ તાજેતરમાં વિશ્વ બેંક દ્વારા વાર્ષિક માનવ મૂડી સૂચકાંક પ્રકાશિત કર્યો હતો. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ વર્ષ 2020માં આ સૂચકાંક અંતર્ગત ભારતનું સ્થાન 116મું રહયું હતું. સૂચકાંક એ સમગ્ર દુનિયામાં માનવ મૂડીના પ્રમુખ ઘટકોનું માપન કરે છે.

⇒ વર્ષ 2018માં ભારતનો સ્કોર એ 0.44 હતો જેવધીને 0.49 થયો છે.

⇒ આ સૂચકાંકમાં 174 દેશોની શિક્ષા અને સ્વાસ્થ્ય ડેટાનો સમાવેશ કવરામાં આવે છે.

⇒ રિપોર્ટ મુજબ 1 બિલિયનથી વધારે બાળકો સ્કૂલથી બહાર રહયા છે.

⇒ આ સૂચકાંકની ગણતરી 3 આધારો પર કરવામાં આવે છે.

⇒ સ્કૂલની શ્રેણી અંતર્ગત શિક્ષાની માત્રા અને ગુણવત્તાનો સમાવેશ થાય છે. સ્વાસ્થ્ય શ્રેણીમાં અન્ય ઉત્તરજીવિતા દર અને બાળકોના સ્વાસ્થ્યનો સમાવેશ કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) દર વર્ષે 15 સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ મનાવવામાં આવે છે.

(2) આ દિવસનું આયોજન આંતરરાષ્ટ્રીય સંસ્થા “વોક ફ્રી” દ્વારા કરવામાં આવે છે.

(3) વર્ષ 2020ના આ દિવસની થીમ “COVDI-19 – અ સ્પોટલાઈટ ઓન ડેમોક્રસી” રાખવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ પ્રત્યેક વર્ષે 15 સપ્ટેમ્બર વિશ્વભરમાં “આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ”ના રૂપમાં મનાવવામાં આવે છે.

⇛ આ દિવસ સામાન્ય જનમાનસને વિશ્વમાં લોકશાહીની સ્થિતિની સમીક્ષા કરવાનો અવસર આપે છે.

⇛ આ દિવસ વર્ષ 2007માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા પારિત એક પ્રસ્તાવના માધ્યમથી વિભિન્ન દેશદોની સરકારો દ્વારા પોતાના દેશમાં લોકતંત્ર મજબૂત કરવા માટે સ્થાપવામાં આવ્યો હતો. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ વર્ષ 2020ના આ દિવસની થીમ “COVID-19 – અ સ્પોટલાઈટ ઓન ડેમોક્રસી” રાખવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) આવશ્યક વસ્તુ સુધારણા બિલ, 2020ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) આ બિલમાં બટેટા અને ડુંગળી પર સામાન્ય પરિસ્થિતિમાં પણ ઉત્પાદન અને ભંડાર પર નિયંત્રણ રાખવામાં આવેલ છે.

(2) યુદ્ધ, દુકાળ, કિંમતોમાં વધારે વૃદ્ધિ, પ્રાકૃતિક આપદા વગેરેનો સમાવશે અસાધારણ પરિસ્થિતિ અંતર્ગત કરવામાં આવે છે.

(3) ફકત કેન્દ્ર સરકાર અધિનિયમ અંતર્ગત આવશ્યક વસ્તુઓની ઘોષણા કરી શકે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં લોકસભા દ્વારા આવશ્યક વસ્તુ (સુધારણા) બિલ, 2020 પસાર કરવામાં આવ્યું હતું.

⇛ બિલ અનુસાર, અનાજ, ખાદ્ય તેલ, તેલિયિા, કઠોળ, બટેટા, ડુંગળી સહિત કૃષિ પદાર્થોના ઉત્પાદન, ભંડાર અને વેચાણ પર અસાધારણ પરિસ્થિતિ સિવાય નિયંત્રણથી મુકત કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

⇛ બિલ અંતર્ગત અસાધારણ પરિસ્થિતિ તરીકે યુદ્ધ, દુકાળ, કિંમતોમાં વૃદ્ધિ, ગંભીર આપદા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

⇛ કેન્દ્ર સરકાર એ વસ્તુઓને આવશ્યક વસ્તુઓના રૂપમાં ઘોષિત કરી શકે છે.

⇛ કેન્દ્ર સરકાર આવશ્યક વસ્તુના ઉત્પાદન, પુરવઠો, વિતરણ, વ્યાપાર અને વાણિજયને નિયમિત અથવા પ્રતિબંધિત કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT